સમરી કેસ નંબરઃ ૮૩૦/૨૧
કાલુપુર પો.સ્ટે.ગુ.ર.નં.૭૧૭/૨૧ નાં કામે સી–સમરી લગત
આંક–૧ તળે હુકમ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

હાલની કેસ આજરોજ સ્પે. સીટીંગમાં રાખવામાં આવેલ છે. આ કેસની હકીકત મુજબ ફરીયાદીએ આઇ.પી.સી.૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલ ૫૧(બી) મુજબનાં ગુના અંગે ફરીયાદ કરતા એફ.આઇ.આર. કરવામાં આવેલી અને પોલીસ તપાસ દરમ્યાન આ ગુનો ખરેખર આરોપીએ કરેલ નથી પરંતુ આરોપી પેની નોકરીની ફરજ બજાવવા માટે બહાર નીકળેલ હતા. અને તે માટે જાહેરનામુ લાગુ પડેલ ન હતુ, શરતચુકથી ફરીયાદ થયેલ હોય તેવુ જાહેર થતા પોલીસ દવારા સી–સમરી મંજુર કરવા આંક–૧ નો રીપોર્ટ રજુ કરેલ. જે અનેવયે આ કામનાં ફરીયાદીને પોલીસ દવારા કોર્ટમાં સમરી રજુ કરતા પહેલા સી.આર.પી.સી.કલમ–૧૭૩(૧)(ગ) મુજબ જાણ કરવામા આવેલ છે અને ફરીયાદી સરકારી કર્મચારી છે તેના દવારા કોર્ટમાં હાજર થઇ આ સમરી રીપોર્ટ સામે કોઇ વાધા રજુ કરેલ નથી. જેથી તેઓ તેની ફરીયાદ અન્વયે કોઇ આગળ કાર્યવાહી કરવા માંગતા ન હોવાનુ જણાય છે અને તેની ફરીયાદ પણ ફરજનાં ભાગરૂપે હતી. જેથી રેકર્ડ ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવાા આવે છે.

:: હુકમ ::

સદર કામે પોલીસે માગ્યા મુજબ સી–સમરી મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(આર.બી.ઇટાલીયા)
તા.૧૧/૧૨/૨૦૨૧
એડીશ્નલ ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬,અમદાવાદ.